વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,

સુરત

વિનયન વિદ્યાશાખાના સંસ્કૃત વિષયમાં પીએચ.ડીની પદવી માટે પ્રસ્તુત થનાર

મહાશોધ નિબંધની રૂપરેખા

☀ શીર્ષક ☀

રામાયણમૂલક પ્રમુખ નાટકોનો સામાજિક તથા મનોવૈજ્ઞાનિક અભ્યાસ

☀ પ્રસ્તુતકર્તા ☀

દિલીપકુમાર ઝેરાભાઈ ચૌહાણ

(રજિ.નં : ૨૫૫૩ તા: ૨૩/૦૨/૨૦૧૨)

✡ આચાર્યશ્રી ✡

ડૉ. અશ્વિનકુમાર ડી. પંડ્યા

શ્રી રંગ નવચેતન મહિલા

આટ્ર્સ કૉલેજ, વાલીયા.

✡ માર્ગદર્શક/અધ્યક્ષ ✡

પ્રા.ડૉ.મયૂરીબેન એ.ભાટીયા

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ

શ્રી રંગ નવચેતન મહિલા

આટ્ર્સ કૉલેજ, વાલીયા.

વર્ષ : ૨૦૧૫

<u>રામાયણમૂલક પ્રમુખ નાટકોનો સામાજિક તથા મનોવૈજ્ઞાનિક અભ્યાસ</u>

यावत् स्थास्यति गिरय: सरितश्च महीतले |

तावत् रामायणकथा लोकेषु प्रचरिष्यति ||

સંસ્કૃત વાડમયમાં રામાયણને આદિકાવ્ય અને વાલ્મીકિમુનિને આદિકવિ માનવામાં આવે છે. મહર્ષિ વાલ્મીકિ દ્વારા રચાયેલું રામાયણ મહાકાવ્ય ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ સમાન છે. રામાયણ લોકપ્રિય મહાકાવ્ય છે. તે ભારતીય જનજીવન સાથે ગાઢ રીતે જોડાયેલું છે. વાલ્મીકિમુનિએ આ મહાકાવ્યમાં આદર્શ પિતા, આદર્શ પુત્ર, આદર્શ ભાઇ, આદર્શ મિત્ર, આદર્શ માતા, આદર્શ પત્ની વગેરે કૌટુંબિક આદર્શોનું આલેખન કરીને ભારતીય સમાજના લોકોને આદર્શ જીવન જીવવા માટેની પ્રેરણા આપી છે. અનેક યુગોથી દરેક પ્રકારનો જનસમુદાય શ્રીરામના ગુણોથી પ્રભાવિત થયેલો છે. આ લોકપ્રિય રામકથાને આધારે સાહિત્યજગતમાં અનેક સાહિત્યકારોએ ગ્રંથોનું સર્જન કરીને રામાયણને બધા જ પ્રકારના જનસમુદાય સુધી પહોચવવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે.

બધા સાહિત્ય પ્રકારોમાં નાટક સૌથી વધુ લોકપ્રિય છે, કારણકે અહીં ઉચ્ચ, નિમ્ન, દુ:ખી, થાકેલા એવા બધા જ પ્રકારના લોકોનું મનોરંજન અને માર્ગદર્શન કરવામાં આવે છે. આ લોકપ્રિય નાટકનો લોકપ્રિય રામકથા સાથેનો સુમેળ અલૌકિક આનંદને ઉત્પન્ન કરનાર છે. રામાયણની આદર્શકથાને આધારે ભાસ, ભવભૂતિ, મુરારિ, દિઙ્નાગ, જયદેવ, રાજશેખર વગેરે નાટ્યકારોએ પોતાના નાટકોની રચના કરીને, સાહિત્યજગતમાં ઉત્તમ કવિ તરીકેનું સ્થાન મેળવ્યું છે. મહાકવિ ભવભૂતિ 'महावीरचरितम्'માં કહે છે કે –

प्रचेतसो मुनिवृषा प्रथम: कवीनां यात्पावनं रघुपते: प्राणिनाथ वर्तम् |

भक्तस्य तत्र समरंसत मेऽपि वाच: तत्सुप्रसन्न्मन: कृतिनो भजन्ताम् ||

અર્થાત્ "આદિકવિ મુનિવર વાલ્મીકિએ રઘુપતિના પાવનચરિત્રનું વર્ણન કર્યું છે. ભક્ત હોવાને લીધે અમારી વાણી પણ તે(રામકથા)ની ઉપર અનુરક્ત થઈ છે. વિદ્વાન લોકો પ્રસન્ન થઈને તેનો આસ્વાદ કરે!"

કવિ સમાજમાં જન્મે છે સમાજમાં જીવન વ્યતીત કરે છે તથા સમાજમાં રહીને પોતાની કૃતિનું સર્જન કરે છે. તેથી કૃતિમાં સામાજિક વાતાવરણનો પ્રભાવ આપણને જોવા મળે છે. રામકથા આધારિત નાટકો રામાયણ કાલીન સામાજિક આદર્શોને કવિના સમયમાં પ્રચલિત સામાજિક આદર્શોના સંદર્ભમાં રજૂ કરનારા છે. આ નાટકોમાં વર્ણાશ્રમ વ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા, ધાર્મિક પરિસ્થિતિ, રાજકીય પરિસ્થિતિ વગેરે સમાજિક બાબતોનું આલેખન થયેલું જોવા મળે છે. આ સામાજિક નિર્દેશો કવિના સમયના માનવજીવનને અભિવ્યક્ત કરનારા છે. કવિઓએ આદર્શ સામાજિક પરિવેશના આલેખન દ્વારા માનવના વર્તનમાં પરિવર્તન લાવીને સમાજસુધારણા અને સામાજિક ઉન્નતિનું કાર્ય કર્યું છે.

સાહિત્ય સમાજજીવનની અભિવ્યક્તિ સાથે માનવીના મનોભાવોને પ્રદર્શિત કરે છે. નાટક એ રસ અને ભાવને નિરંતર અભિવ્યક્ત કરતો સાહિત્ય પ્રકાર છે. રસ અને ભાવ માનવીના મન સાથે જોડાયેલાં છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં નિર્દેશેલા સ્થાયીભાવ, અનુભાવ, સંચરીભાવના પરિણામે થતી રસનિષ્પત્તિ મનોવિજ્ઞાન સાથે સંકળાયેલ છે. તેથી નાટકનો મનોવિજ્ઞાન સાથે ગાઢ સંબંધ છે તેમ કહી શકાય. સંસ્કૃત સાહિત્યના રામાયણ આધારિત નાટકોના સામાજિક અને મનોવૈજ્ઞાનિક પાસાઓનો એકસાથે અભ્યાસ નહિવત્ પ્રમાણમાં જોવા મળે છે. તેથી મારા સંશોધનકાર્ય દરમિયાન રામાયણમૂલક પ્રમુખ નાટકોનો સામાજિક તથા મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો ઉપક્રમ હાથ ધર્યો છે. તે માટે મેં આ મહાશોધનિબંધનું પાંચ પ્રકરણોમાં વિભાજન કર્યું છે. તેનો સાર અહીં રજૂ કરું છું.

<u>રામાયણમૂલક પ્રમુખ નાટકોનો સામાજિક તથા મનોવૈજ્ઞાનિક અભ્યાસ</u>

અનુક્રમણિકા

ક્રમ	પ્રકરણ	વિષય
૧	૧	**રામાયણનો પરિચય**
	▪	ભૂમિકા
	૧.૧	આદિકવિ વાલ્મીકિનું જીવન
	૧.૨.	મહર્ષિ વાલ્મીકિનો સમય
	૧.૩	રામાયણ ગ્રંથના કર્તા તરીકે વાલ્મીકિનું વ્યક્તિત્વ
	૧.૪	વાલ્મીકિ રામાયણ એક પરિચય
	૧.૫	રામાયણનું સ્વરૂપ
	૧.૬	વાલ્મીકિ રામાયણની પરવર્તી સાહિત્ય ઉપર અસરો
	૧.૭	રામાયણની સંસ્કૃત સાહિત્ય ઉપર અસર
	૧.૮	રામાયણ ઉપર આધારિત સંસ્કૃત નાટકો
૨	૨	**રામાયણમૂલક પ્રમુખ નાટકો અને કર્તાઓનો પરિચય**
	૨.૧	ભાસનું જીવન, સમય અને કૃતિઓ
	૨.૨	ભવભૂતિનું જીવન, સમય અને કૃતિઓ

	૨.૩	મુરારિનું જીવન, સમય અને કૃતિઓ
	૨.૪	રાજશેખરનું જીવન, સમય અને કૃતિઓ
	૨.૫	શક્તિભદ્રનું જીવન, સમય અને કૃતિઓ
	૨.૬	દિઙ્નાગનું જીવન, સમય અને કૃતિઓ
	૨.૭	જયદેવનું જીવન, સમય અને કૃતિઓ
	૨.૮	महानाटकम् / हनुमन्नाटकम्નો પરિચય
3	3	**રામાયણમૂલક પ્રમુખ નાટકોની સામાજિક સમીક્ષા**
	3.૧	સંસ્કૃત સાહિત્યમાં સામાજિકતા
	3.૨	प्रतिमानाटकम्ની સામાજિક સમીક્ષા
	3.3	अभिषेकनाटकम्ની સામાજિક સમીક્ષા
	3.૪	यज्ञफ़लम् નાટકની સામાજિક સમીક્ષા
	3.૫	महावीरचरितम्ની સામાજિક સમીક્ષા
	3.૬	उत्तररामचरितम्ની સામાજિક સમીક્ષા
	3.૭	अनर्घराघवम्ની સામાજિક સમીક્ષા
	3.૮	बालरामायणम्ની સામાજિક સમીક્ષા
	3.૯	आश्चर्यचूडामणि: ની સામાજિક સમીક્ષા
	3.૧૦	कुन्दमाला નાટકની સામાજિક સમીક્ષા

	3.૧૧	प्रसन्नराघवम् નાટકની સામાજિક સમીક્ષા
	3.૧૨	हनुमन्नाटकम्ની સામાજિક સમીક્ષા
૪	૪	**<u>રામાયણમૂલક પ્રમુખ નાટકોની મનોવૈજ્ઞાનિક સમીક્ષા</u>**
	૪.૧	સંસ્કૃત સાહિત્યમાં મનોવૈજ્ઞાનિકતા
	૪.૨	प्रतिमानाटकम्ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.3	अभिषेकनाटकम्ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૪	यज्ञफ़लम् નાટકની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૫	महावीरचरितम्ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૬	उत्तररामचरितम्ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૭	अनर्घराघवम्ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૮	बालरामायणम्ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૯	आश्चर्यचूडामणि: ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૧૦	कुन्दमाला નાટકની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૧૧	प्रसन्नराघवम् નાટકની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
	૪.૧૨	हनुमन्नाटकम्ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા
૫	૫	**<u>ઉપસંહાર</u>**

પ્રકરણ -૧ : રામાયણનો પરિચય

આ પ્રકરણમાં આદિકવિ વાલ્મીકિના જીવન વિશેની માહિતી આપવામાં આવી છે. પહેલા લુટારાનું જીવન જીવતા અને ત્યારબાદ સપ્તર્ષિઓનો સંસર્ગ થવાથી તપ કરીને વાલ્મીકિ બન્યા હોવાની દંતકથા જુદા જુદા શાસ્ત્રોને આધારે આપવામાં આવી છે. ત્યારપછી વેદોમાં વાલ્મીકિ અને રામકથા, બ્રાહ્મણગ્રંથોમાં વાલ્મીકિ અને રામકથા, ઉપનિષદોમાં વાલ્મીકિ અને રામકથા, રામાયણ-માહાભારત-પુરાણોમાં વાલ્મીકિ વીશે થયેલા ઉલ્લેખો તેમજ વાલ્મીકિ અંગે અધ્યાત્મરામાયાણ, અદ્ભૂતરામાયણ, રામચરિતમાનસ વગેરેમાંથી મળતી માહિતી આપવામા આવી છે. મહર્ષિ વાલ્મીકિનો સમય નિર્ધાર કરતી વખતે સર વિલિયમ જૉન્સ, ડૉ.યાકોબી, કાશીપ્રસાદ જાયસ્વાલ, જયચંદ્ર વિધ્યાલંકાર, એમ.વિન્ટરનિટ્ઝ, એ.બી.કીથ, ડૉ.ફાધર કામિલ બુલ્કે વગેરે વિદ્વાનોના મંતવ્યો આપવામા આવ્યા છે. વાલ્મીકિના વ્યક્તિત્વને સમજવા માટે રામાયણમાં આલેખાયેલા પુરુષપાત્રોના આદર્શો, સ્ત્રીપાત્રોના આદર્શો, લોકજીવન આદર્શો તથા નીતિપ્રિયતા અંગેના વિચારો તપાસવામા આવ્યા છે.

વાલ્મીકિ રામાયણનો પરિચય આપતી વખતે તેના બાહ્ય સ્વરુપ અને આંતરિક સ્વરુપની ચર્ચા કરી છે. રામાયણના બાહ્ય સ્વરુપમાં તેના સંસ્કરણો, સમીક્ષિત આવૃત્તિ અને સમીક્ષિત સામગ્રી અંગે અભ્યાસ કર્યો છે. રામાયણના બાલકાંડ, અયોધ્યાકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, યુધ્ધકાંડ અને ઉત્તરકાંડને આધારે તેના આંતરિક સ્વરુપની ચકાસણી કરી છે. રામાયણના સ્વરુપ અંગે ચર્ચા કરતી વખતે તેનું ઐતિહાસિક સ્વરુપ, મહાકાવ્યના લક્ષણો, રામાયણનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન તથા રામાયણના પુરુષપાત્રો અને સ્ત્રીપાત્રો અંગે પરિચય આપવામાં આવ્યો છે.

રામાયણ મહાકાવ્યને આધારે સંસ્કૃત ભાષામાં અને પ્રાદેશિક ભાષાઓમાં રચાયેલાં અન્ય રામાયણો, રામાયણને આધારે રચાયેલાં મહાકાવ્યો, શ્લેષકાવ્યો, ચિત્રકાવ્યો, શૃંગારિક કાવ્યો, સ્ફૂટકાવ્યો, કથાસાહિત્ય, ચંપૂરામાયણ, સંસ્કૃત નાટકો વિશે નિર્દેશ કરવામાં આવ્યો છે.

પ્રકરણ – ૨ : રામાયણમૂલક પ્રમુખ નાટકો અને કર્તાનો પરિચય

રામાયણને આધારગ્રંથ તરીકે સ્વીકારીને સંસ્કૃત સાહિત્યમા અનેક નાટ્યકારોએ પોતાના નાટકોની રચના કરી છે. તેમાંથી મેં આ મહાશોધનિબંધમાં પ્રમુખ નાટકો તરીકે ૧૧ નાટ્યકૃતિઓનો અભ્યાસ આ મહાશોધનિબંધમાં રજૂ કર્યો છે.

આ મહાશોધનિબંધના બીજા પ્રકરણમાં પ્રમુખ નાટ્યકારો અને તેમના નાટકોનો પરિચય આપવામાં આવ્યો છે. સંસ્કૃત સાહિત્યમાં ઇતિહાસને નબળી કડી માનવામા આવે છે. તેથી નાટ્યકારોના જીવન અને સમય અંગે ચોક્કસ અને પુરતા પ્રમાણમાં માહિતી મળતી નથી. તેથી દંતકથાઓ, તેમને રચેલી કૃતિઓ અને અન્ય કવિઓની કૃતિઓમાં થયેલા ઉલ્લેખો ઉપર આધાર રાખવો પડે છે.

મહાકવિ ભાસના જીવન અંગે આપણને આધારભૂત માહિતી મળતી નથી. તેથી મહાકવિ ભાસ વિશે પ્રચલિત દંતકથા આલેખીને તેમની કૃતિઓને આધારે તેમના વ્યક્તિત્વમાં રહેલા વિષ્ણુભક્ત, રાજકવિ, શાસ્ત્રજ્ઞ, રાષ્ટ્રપ્રેમી, અભિનયકુશળ, શાંતિપ્રિય, ગુણાનુરાગી, ભાગ્યવાદી જેવી બાબતોને દર્શાવવામાં છે. તેમજ ભાસ વિશે પ્રાચીન સાહિત્યગ્રંથો અને અલંકારશાસ્ત્રના ગ્રંથોના ઉલ્લેખો આપવામાં આવ્યા છે. મહાકવિ ભાસનો સમય નક્કી કરતી વખતે ટી. ગણપતિ શાસ્ત્રી, શેંબાવણેકર, જયસ્વાલ, વેબર, યાકોબી, કીથ, રામાવતાર શર્મા, રેડ્ડી વગેરેના મંતવ્યો આપવામાં આવ્યા છે. ત્યારપછી ભાસ સમસ્યા અંગે ચર્ચા રજૂ કરી છે. તેમજ ભાસની કૃતિઓનો ઉલ્લેખ કરીને તેમના રામાયણ ઉપર આધારીત 'प्रतिमानाटकम्, अभिषेकनाटकम् અને यज्ञफ़लम्' નાટકોમાં આલેખાયેલા કથાવસ્તુને સંક્ષેપમાં આલેખીને આ નાટકોનું મૂલ્યાંકન કર્યુ છે.

મહાકવિ ભવભૂતિ સાતમી સદીમાં થયેલા ઉત્તમ નાટ્યકાર છે. તેમણે 'महावीरचरितम्, मालतीमाधवम् અને उत्तररामचरितम्' નામના ત્રણ નાટકો સંસ્કૃત સાહિત્યમાં અર્પણ કર્યા છે. ભવભૂતિએ આ નાટકોમાં પોતાના વિશે જે ઉલ્લેખો કર્યા છે

તેના ઉપરથી જણાય છે કે તેમના પૂર્વજો દક્ષિણપથમાં આવેલા વિદર્ભપ્રદેશના પદ્મપુરમાં રહેતાં હતાં તેમના પિતામહનું નામ ભટ્ટગોપાલ, પિતાનું નામ નીલકંઠ અને માતાનુ નામ જાતુકર્ણી હતું. ભવભૂતિ એવું નામ જન્મજાત પ્રાપ્ત થયુ હતું તથા શ્રીકંઠ તેમનું ઉપનામ છે. ભવભૂતિનો સમય નિશ્ચિત કરતી વખતે આચાર્ય મમ્મટ, ધનંજય, રાજશેખર, વામન, કલ્હણ વગેરેના નિર્દેશો દર્શાવવામાં આવ્યા છે. ત્યારબાદ ભવભૂતિના રામાયણ ઉપર આધારીત 'महावीरचरितम्' અને 'उत्तररामचरितम्' નાટકોનો પરિચય આપીને તેમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

મૌદગલ્ય ગૌત્રમાં ઉત્પન્ન થયેલા વર્ધમાનભટ્ટ અને તંતુમતીના પુત્ર કવિવર મુરારિના જીવન, સમય અંગે પ્રાપ્ત થતી માહિતીની ચર્ચા કરવામાં આવી છે. તેમજ તેમને જેને કારણે 'बालवाल्मीकि'નું ઉપનામ પ્રાપ્ત થયું તેવા તેમના 'अनर्घराघवम्' નાટકનું કથાનક અંક પ્રમાણે ટૂંકમાં રજૂ કર્યુ છે. ત્યારબાદ તેનું નાટક તરીકે તથા સંશોધનાત્મક, વિશ્લેષણાત્મક અને વિવેચનાત્મક મૂલ્યાંકન કર્યુ છે.

મહાકવિ રાજશેખર અલંકારશાસ્ત્ર ક્ષેત્રની અને કાવ્યક્ષેત્રની દ્વિમુખી પ્રતિભા ધરાવનાર છે. રાજશેખરે પોતાની કૃતિઓમાં જે ઉલ્લેખો કર્યા છે. તેના ઉપરથી રાજશેખરના જીવન વિશે મોટાભાગની માહિતી આપણને પ્રાપ્ત થાય છે. રાજશેખર યાયાવર બ્રાહ્મણોના પરિવારમાં જન્મ્યા હતાં. તેમની માતાનું નામ 'શીલવતી' અને પિતાનું નામ 'દુર્દક' હતુ. તેમના પ્રપિતામહ 'અકાલજલદ' મહારાષ્ટ્રરાજ્યનું ભૂષણ હતાં. રાજશેખરની વિદુષી પત્નીનું નામ અવંતિસુંદરી હતું. આ અવંતિસુંદરી ચૌહાણ રાજપુતવંશની રાજકુંમારી હતી. રાજશેખરે કરેલા મહેંદ્રપાલ, મહીપાલ અને કલચુરીનરેશના ઉલ્લેખ ઉપરથી તેમનો સમય ઇ.સ. ૯મી સદીની આસપાસ માની શકાય તેમ છે. રાજશેખરે 'बारामायणम्, कर्पूरमञ्जरी, बालभारत, विध्दशालभञ्जिका, काव्यमीमांसा' ગ્રંથોની રચના કરી છે. તેમાં 'बारामायणम्' નાટક રામાયણની કથા ઉપર આધારીત છે. આ નાટકના ૧૦ અંકોનો કથાસાર આપીને તેનું મૂલ્યાંકન પ્રસ્તુત કર્યુ છે.

દક્ષિણ ભારતનમાં રામકથા ઉપર રચાયેલ સૌપ્રથમ નાટક 'आश्चर्यचूडामणि:' છે. આ નાટકના રચયિતા શક્તિભદ્ર છે. કવિ શક્તિભદ્ર વિશે પુરતા પ્રમાણમાં માહિતી પ્રાપ્ત થતી નથી. તેથી તેમના વિશેની દંતકથા અને 'आश्चर्यचूडामणि:'નાટકને આધારે કવિના જીવન વિશે માહિતી તારવવાનો પ્રયાસ કર્યો છે. આ નાટકની પ્રસ્તાવના ઉપરથી જણાય છે કે કવિ શક્તિભદ્ર રાજા કુલશેખરના પૂર્વવર્તી હતાં. આ રાજા કુલશેખરના આધારે શક્તિભદ્રનો સમય દસમી સદીનો મધ્યકાળ માનવામાં આવ્યો છે. ત્યારબાદ 'आश्चर्यचूडामणि:'નાટકનો કથાસાર આપીને તેનું મૂલ્યાંકન કરવાનો ઉપક્રમ રચ્યો છે.

મહાકવિ ભવભૂતિના 'उत्तररामचरितम्'નાટક સાથે સામ્યતા ધરાવતું મહાકવિ દિઙ્નાગનું 'कुन्दमाला'નાટક છે. સંસ્કૃત સાહિત્યમાં દિઙ્નાગ નામના ત્રણ કવિઓ થઇ ગયા છે.(૧) વિ.સં. છઠ્ઠી સદીમાં થયેલા બૌધ્ધકવિ દિઙ્નાગ. (૨) કાલિદાસના સમયમાં થઇ ગયેલા દિઙ્નાગ.(૩) 'कुन्दमाला'નાટકના કવિ દિઙ્નાગ. આ દિઙ્નાગ કવિ બૌધ્ધકવિ દિઙ્નાગ અને કાલિદાસના દિઙ્નાગથી ભિન્ન છે તેવું અભ્યાસ કરતાં જણાય છે. ભોજદેવે 'शृङ्गारप्रकाश'માં, રામચંદ્ર અને ગુણચંદ્રે 'नाट्यदर्पण'માં કરેલા ઉલ્લેખો તથા'कुन्दमाला' નાટક ઉપરથી દિઙ્નાગ દસમી સદીના અંતભાગમાં થઈ ગયા હોવાનુ જણાય છે. કવિ દિઙ્નાગે 'कुन्दमाला'નાટકના છ અંકોમાં રામાયણના ઉત્તરકાંડની કથાને નાટ્યાત્મક રજૂ કરી છે. તેનું અંક પ્રમાણે કથાનક ટૂંકમાં આપીને નાટકનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

સંસ્કૃત સાહિત્યાકાશમાં નજર કરતાં જણાય છે કે ચાર જયદેવ કવિઓ થઈ ગયા છે. (૧) 'गीतगोविन्द'ના રચયિતા જયદેવ,(૨) 'शृङ्गारमाधवीयचम्पू'ના રચયિતા જયદેવ, (૩) 'चन्द्रालोक:'ના રચયિતા જયદેવ, (૪) 'प्रसन्नराघवम्'નાટકના રચયિતા જયદેવ. આ ચાર જયદેવ કવિઓમાં 'चन्द्रालोक:' અને 'प्रसन्नराघवम्'નાટકના જયદેવ કવિ એક હોય તેમ જણાય છે. આ બન્ને કૃતિઓ ઉપરથી મળતી માહિતી ઉપરથી જણાય છે

કે જયદેવ કવિના પિતાનું નામ મહાદેવ અને માતાનું નામ સુમિત્રા હતું. ત્યારબાદ જયદેવ કવિના સમય અંગે ચર્ચા કરીને 'प्रसन्नराघवम्'નાટકનું મૂલ્યાંકન પ્રસ્તુત કર્યું છે.

'हनुमन्नाटकम्'ના કર્તા અંગે ચોક્કસ માહિતી ઉપલબ્ધ થતી નથી. આ નાટકના શ્રી મધુસૂદન મિશ્ર અને શ્રી દામોદર મિશ્ર દ્વારા સંકલિત કરેલા સંસ્કરણો પ્રાપ્ત થાય છે. શ્રી મધુસૂદન મિશ્ર દ્વારા સંપાદિત કરવામાં આ નાટક 'महानाटकम्' નામે પ્રખ્યાત છે. તેના ૯ અંકો છે. શ્રી દામોદર મિશ્ર દ્વારા સંપાદિત કરેલ આ નાટક 'हनुमन्नाटकम्' નામે પ્રચલિત છે. તેના ૧૪ અંકો છે. આ મહાશોધનિબંધમાં શ્રી દામોદર મિશ્ર દ્વારા સંપાદિત 'हनुमन्नाटकम्'નો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ નાટક અંગેની દંતકથા રજૂ કરીને તેના કથાનકને આલેખ્યુ છે. નાટકનો અભ્યાસ કરતા જણાય છે કે અહીં સંસ્કૃતની અન્ય કૃતિઓમાંથી ઘણા બધા શ્લોકો લેવામાં આવ્યા છે. તે બાબતની અહીં ચર્ચા રજૂ કરી છે.

<u>પ્રકરણ - 3: રામાયણમૂલક પ્રમુખ નાટકોની સામાજિક સમીક્ષા</u>

મહાશોધનિબંધના આ પ્રકરણમાં નાટકોની સમાજિક સમીક્ષા કરતા પહેલા સમાજ, સમાજ અને સાહિત્ય, સંસ્કૃત સાહિત્યમાં રહેલી સામાજિકતા અંગે ચર્ચા કરી છે.

સમાજ એટલે સમજપૂર્વક સંગઠિત થઈને રહેતા વ્યક્તિઓનો સમુદાય. सम् ઉપસર્ગ પૂર્વક अज् ધાતુને धञ् પ્રત્યય લાગવાથી समाज શબ્દની ઉત્પત્તિ થાય છે. જેમાં તેનો અર્થ સભા, મિલન, આમોદ-પ્રમોદ માટેનું મિલન એવો થાય છે. આ ઉપરાંત सम् ઉપસર્ગ પૂર્વક अच् ધાતુને धञ् પ્રત્યય લાગવાથી समाज શબ્દ વ્યુત્પન્ન થાય છે. જેમા તેનો અર્થ ગોષ્ઠી, સંસ્થા, દલ, સમુદાય થાય છે. જ્યારે માનવી સમુદાયમાં નિવાસ કરવાનું શીખ્યો ત્યારે સમાજની ઉત્પત્તિ થઈ.

समाज શબ્દને ठक् પ્રત્યય લાગવાથી सामाजिक શબ્દ બને છે. જેમાં તેનો અર્થ ' સામાજિક સંબંધ' એવો થાય છે. સમાજમાં રહેતા વ્યક્તિઓ ધર્મ, કર્મ, મૂલ્યો, રીતિ,

નીતિ, રિવાજો, રુઢિઓ, વ્યવહારો વગેરે સામાજિક બાબતોનું પાલન કરીને પોતાનું જીવન વ્યતીત કરે છે.

માનવસમાજનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે સમાજશાસ્ત્ર. સમાજશાસ્ત્રને અંગ્રેજીમાં Soci ol ogy કહેવામાં આવે છે. Soci ol ogy શબ્દ Soci us (સૉશિયસ્) અને Logos (લોગસ્) ઉપરથી બન્યો છે. અહીં આપેલો સૉશિયસ્ શબ્દ લેટિન ભાષાનો છે અને લોગસ્ શબ્દ ગ્રીક ભાષાનો છે.

સમાજ અને સાહિત્ય એકબીજાની પૂરક બાબતો છે. સાહિત્યનો ઉદ્ભવ સમાજમાં સમાજ માટે થાય છે. કવિ સમાજમાં રહીને સમાજના અનુભવો લઈને પોતાની કૃતિનું સર્જન કરતો હોય છે. કવિ પોતાની અભિવ્યક્તિ કૃતિ દ્વારા કરતો હોય છે. કવિની ઉત્તમ ચેતનાથી રચાયેલું સાહિત્ય સમાજ માટે પ્રેરણા, મનોરંજન, મનોમંથન, સંગઠન, સંદેશ, સમજ, સંવેદના, સંસ્કૃતિ, સમૃધ્ધિ અને સકરાત્મકતા પૂરી પાડે છે. સાહિત્ય સમાજના દર્પણ જેવું કાર્ય કરે છે. તેથી સમાજની વ્યવસ્થા, રૂઢીઓ, રિવાજો-કુરિવાજો, માન્યતાઓ, ધાર્મિક બાબતો વગેરેનું આલેખન થયેલું જોવા મળે છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યના વેદો, પુરાણો, ઉપનિષદો, અને સ્મૃતિગ્રંથો ભારતની સામાજિક વ્યવસ્થાની રુપરેખા રજૂ કરે છે.

પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં વર્ણ વ્યવસ્થા, આશ્રમ વ્યવસ્થા, નારીની સ્થિતિ, ધાર્મિક પરિસ્થિતિ, રાજકીય પરિસ્થિતિ વગેરે સામાજિક બાબતોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. અહીં મેં વર્ણ વ્યવસ્થા આવતાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ણના કર્તવ્યો, ફરજો અને કાર્યો અંગે ચર્ચા કરી છે. તેમજ આશ્રમ વ્યવસ્થામાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ ધારણ કરીને સમાજના લોકો દ્વારા કરવામાં આવતા કાર્યો અને કર્તવ્યો અંગે ચર્ચા કરી છે. સમાજમાં ઉત્તમ વ્યક્તિત્વના નિર્માણ માટે ધાર્મિક સંસ્કાર અતિ આવશ્યક છે. તેથી મેં અહીં હિંદુધર્મના ૧૬ સંસ્કારોનો નિર્દેશ કર્યો છે. ભારતીય સમાજમાં વ્યવસ્થામાં ઉપનયન સંસ્કાર પછી ગુરુના આશ્રમમાં જઈને

વિદ્યાભ્યાસ કરવામાં આવતો હતો. આ પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા વિશે ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે. ભારતીય સમાજ વિવાહ સંસ્કારનું વધુ મહત્વ છે. આથી અહીં વિવાહ યોગ્ય કન્યા, વિવાહનો અધિકાર અને વિવાહના પ્રકારો અંગે માહિતી રજૂ કરી છે. ભારતીય સમાજમાં બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત હતી, તે વિશે ચર્ચા રજૂ કરી છે. ઉપરાંત, પ્રાચીન સાહિત્યને આધારે નારીની સ્થિતિ અંગેનો અભ્યાસ રજૂ કર્યો છે.

સમાજ અને ધર્મ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા છે. ભારતીય સમાજ સદીઓથી ધર્મના કારણે ટકી રહ્યો છે. ધર્મનુ નિરુપણ શ્રુતિ, સ્મૃતિ, પુરાણો વગેરે ધાર્મિકગ્રંથોમાં જોવા મળે છે. તેની ચર્ચા રજૂ કરી છે. તેમજ યજ્ઞ-યાગ અને સંપ્રદાયો અને દર્શનો અંગે માહિતી આપી છે. પ્રાચીન રાજકીય વ્યવસ્થા અંર્તગત સ્વામી(રાજા), અમાત્ય, જનપદ(રાષ્ટ્ર), દુર્ગ, કોશ, દંડ અને મિત્ર વિશેની ચર્ચા રજૂ કરવામાં આવી છે.

અહીં પ્રાચીન ભારતીય સાહિત્યમાં આલેખાયેલ સમાજ વ્યવસ્થાને ધ્યાનમા રાખીને રામાયણમૂલક પ્રમુખ નાટકો 'प्रतिमानाटकम्, अभिषेकनाटकम्, यज्ञफ़लम्, महावीरचरितम्, उत्तररामचरितम्, अनर्घराघवम्, बारामायणम्, आश्चर्यचूडामणि:, कुन्दमाला, प्रसन्नराघवम्, हनुमन्नाटकम्'ની સામાજિક સમીક્ષા કરી છે. આ નાટકોમાં આલેખાયેલ વર્ણ વ્યવસ્થા, આશ્રમ વ્યવસ્થા, ધાર્મિક પરિસ્થિતિ, નારીની સ્થિતિ, શિક્ષણ વ્યવસ્થા રાજકીય પરિસ્થિતિ, વેશભૂષા વગેરે વિશેનાં સંદર્ભો આપીને ચર્ચા કરી છે. રામાયણની કથાના આધારે રચાયેલાં આ નાટકોમાં કવિઓએ રામાયણ કાલીન પૃષ્ઠભૂમિ ઉપર પોતાના સમયના સામાજિક વાતાવરણને વાચા આપી છે. આ નાટ્યકારોએ મૂળ રામકથામાં પરિવર્તનો કરીને સમાજ માન્ય-અમાન્ય તથા સમાજમાં પ્રચલિત રિવાજો-કુરિવાજો, દુષણો વગેરે અંગે જે નિરુપણ કર્યુ છે. અહીં તેની ચર્ચા કરી છે.

<u>પ્રકરણ- ૪ : રામાયણમૂલક પ્રમુખ નાટકોની મનોવૈજ્ઞાનિક સમીક્ષા</u>

આ પ્રકરણમાં રામાયણમૂલક પ્રમુખ નાટકોની મનોવૈજ્ઞાનિક સમીક્ષા કરતા પહેલા મનોવિજ્ઞાનનો અર્થ, મનોવિજ્ઞાનની પરિભાષાઓ, માનવની અવસ્થાઓ, માનવના ત્રિગુણાત્મક મનોભવો, સંસ્કૃત સાહિત્યશાસ્ત્ર અને મનોવિજ્ઞાન, કાવ્યના પ્રયોજનોની મનોવૈજ્ઞાનિકતા, પાશ્ચાત્ય મનોવિજ્ઞાન, પાશ્ચાત્ય મનોવૈજ્ઞાનિકોના મતે મનનું સ્વરુપ, મૂળપ્રવૃત્તિ અને સ્થાયીભાવ, મનોવિજ્ઞાનના ક્ષેત્રો અને મનોવિજ્ઞાનના તત્વો અંગે મહ્ત્વના ખ્યાલો રજૂ કર્યા છે.

મનોવિજ્ઞાન માનવ મનની ક્રિયાઓ, ભાવનાઓ, વૃત્તિઓ અને મનોગ્રંથિઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. મનોવિજ્ઞાનને અંગ્રેજીમાં ‘Psychol ogy’ કહે છે. ‘Psychol ogy’ શબ્દની વ્યુત્પત્તિ લેટિન ભાષાના ‘Psyche+Logos’ ઉપરથી થઈ છે. ‘Psyche’ નો અર્થ ‘Soul = આત્મા’ એવો થાય છે. ‘Logos’ શબ્દનો અર્થ ‘વિમર્શ’ કે ‘અધ્યયન’ એવો થાય છે. પરંતુ ‘Psyche = આત્મા’ એવો અર્થ લેવાથી મનોવિજ્ઞાનનો સમાવેશ દર્શનશાસ્ત્રમાં થઈ જાય છે. તેથી ‘Psyche = મન’ અર્થ લેવાથી ‘મનનો અભ્યાસ કરતુ શાસ્ત્ર તે મનોવિજ્ઞાન’ તેવો અર્થ થાય છે. આમ મનોવિજ્ઞાનનો શાબ્દિક અર્થ આપીને તેની પરિભાષાઓ આપવામાં આવી છે.

ભારતીય મનોવિજ્ઞાનનો સીધો સંબંધ દર્શનશાસ્ત્ર સાથે છે. ભારતીય દર્શનશાસ્ત્રમાં મનની ક્રિયા-પ્રક્રિયા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. મનના સ્વરુપ અંગે વેદ, ઉપનિષદ, ભગવદ્ ગીતા, યોગવાસિષ્ઠ વગેરેમાં નિર્દેશો થયેલા છે. અહીં તેને રજૂ કરવામાં આવ્યા છે. ભારતીય દર્શનશાસ્ત્રમાં નિરુપાયેલાં (૧) જાગૃત, (૨) સ્વપ્ન, (3) સુષુપ્ત અને (૪) તુરીય અવસ્થાઓમાં માનવ દ્વારા જુદાં જુદાં પ્રકારે થતી માનસિક પ્રક્રિયા અને વ્યવહાર કરવામાં આવે છે. તેમજ દરેક વ્યક્તિમાં રહેલા સત્વ, રજસ્ અને તમસ્ ગુણોના પ્રભાવ પ્રમાણે જે મનોભાવો પ્રગટ થાય છે. તેની ચર્ચા કરી છે.

સાહિત્ય અને મનોવિજ્ઞાનનો આધાર માનવીનું મન છે. સાહિત્યમાં જીવનના સંઘર્ષો અને સમસ્યાનું નિરુપણ હોય છે. તો મનોવિજ્ઞાનમાં જીવનમાં આવતા સંઘર્ષો અને સમસ્યાના પરિણામે ઉત્પન્ન થતી શારીરિક તથા માનસિક પ્રક્રિયાનું નિરુપણ થયેલું હોય છે. સાહિત્ય એ કવિના અંતઃમનની કલાત્મક અભિવ્યક્તિ છે. જ્યારે મનોવિજ્ઞાન વ્યક્તિના સ્વભાવ અને વર્તનનું વિશ્લેષણ રજૂ કરે છે. પ્રાચીન સમયથી ભારતીય સાહિત્યશાસ્ત્રમાં મનોવિજ્ઞાન વિદ્યમાન છે. અહીં ભરતમુનિ એ નાટ્યશાસ્ત્રમાં આપેલ રસસૂત્ર અને કાવ્યના પ્રયોજનોને મનોવિજ્ઞાનના સંદર્ભમાં રજૂ કરીને તેમા રહેલી મનોવૈજ્ઞાનિકતા ચકાસવામાં આવી છે.

પાશ્ચાત્ય મનોવિજ્ઞાનની વિકાસરેખા આલેખતી વખતે આત્માનું મનોવિજ્ઞાન, મનનું મનોવિજ્ઞાન, ચેતનાનું મનોવિજ્ઞાન અને માનવવર્તનના મનોવિજ્ઞાન અંગે સમજ રજૂ કરવામાં આવી છે. ત્યારપછી ફ્રોઇડ, ડૉ.યુંગ, ડૉ.એડલર, રૉસ, મૅકડૂગલ, અને હડસનના મતે મનનું સ્વરુપ રજૂ કરવામાં આવ્યું છે. માનવની મૂળપ્રવૃત્તિ અને સ્થાયીભાવનો સંબંધ સ્પષ્ટ કરીને મનોવિજ્ઞાનના ક્ષેત્રો વિશે ચર્ચા કરી છે. તેમજ મનોવિજ્ઞાનના સમાયોજન, પલાયન, દ્વન્દ્વ, દમન, આરોપણ, શમન, ક્ષતિપૂર્તિ, તાદાત્મ્યીકરણ, વિસ્થાપન, સ્વપ્ન, અતૃપ્તિ વગેરે તત્વો વિશે ચર્ચા કરીને મનોવૈજ્ઞાનિકોના મંતવ્યો દર્શાવ્યા છે.

'प्रतिमानाटकम्'ની મનોવૈજ્ઞાનિક સમીક્ષા કરતી વખતે વલ્કલ પ્રસંગની માનસિક અસર, દશરથની મનોદશા, પ્રતિમાગૃહ અને ભરતની પ્રતિક્રિયા, રામની પિતૃશ્રાદ્ધ માટેની મહેચ્છાના પરિણામે સીતાહરણ અને ભરતના મનનું સમાધાનનો અભ્યાસ કરીને પાત્રોના માનસિકભાવો રજૂ કર્યા છે.

'अभिषेकनाटकम्'માં સુગ્રીવ-વાલિનું યુદ્ધ અને રામ દ્વારા વાલિવધ, અશોકવાટિકામાં રહેલી સીતાના મનોભાવો, હનુમાનનું પરાક્રમ અને વિભીષણનું નિર્વાસન,

સમુદ્રતરણ, સીતાવ્યામોહ યોજના, સીતાની અગ્નિપરીક્ષા અને રામનો રાજ્યાભિષેક પ્રસંગને ધ્યાનમાં રાખીને મનોવૈજ્ઞાનિક સમીક્ષા કરી છે.

'यज्ञफ़लम्'નાટકના પ્રારંભમાં આલેખાયેલ પુત્રજન્મોત્સવ, ગ્રીષ્મોદ્યાન પ્રસંગ, કુમારોનો વિદ્યાભ્યાસ, વિશ્વામિત્ર દ્વારા રામની માંગણીમાં યુક્તિકરણવૃત્તિ તથા રામ-સીતાના પ્રણયભાવમાં પ્રગટેલી માનસિક અસરો તપાસવામાં આવી છે.

ભવભૂતિ રચિત 'महावीरचरितम्'નાટકમાં આલેખાયેલા રામ-સીતામાં પ્રણયભાવ ઉત્પત્તિ, સર્વમાય દ્વારા રાવણનો પ્રસ્તાવ અને કુશધ્વજનો હિચકિચાહટ, વિવાહની વાતથી સીતા અને ઊર્મિલાના હૃદયમાં હર્ષની ઉત્પત્તિ, માલ્યવાનની વ્યગ્રતા, ક્રોધિત પરશુરામ રામ દ્વારા શાંત, પરશુરામના ક્રોધ સામે જનક વગેરે વડીલોનો આક્રોશ, માલ્યવાનની કુટિલયોજના અને રામ-લક્ષ્મણનું વનગમન જેવા પ્રસંગો વખતે ઉત્પન્ન થતા મનોવૈજ્ઞાનિક તત્વોની સમીક્ષા રજૂ કરી છે.

'उत्तररामचरितम्'નાટકની મનોવૈજ્ઞાનિક સમીક્ષા દરમિયાન તેમાં નિરુપાયેલા પ્રસંગોમાં પ્રગટતા પાત્રોના મનોભાવો અને તેને પરિણામે થતા વર્તનનો અભ્યાસ રજૂ કરેલ છે. અહીં ચિત્રદર્શન પ્રસંગની મનોવૈજ્ઞાનિકતા, રાજા રામ અને પતિ રામ વચ્ચે આંતરદ્વન્દ્વ, સીતાનું સ્વપ્ન, શંબૂકવધમાં દંડ અને વરદાનનું સંમિશ્રણ, રામને સુખદ પ્રસંગોનું સ્મરણ, સીતાની વાત્સલ્યવૃત્તિનું હસ્તાંતરણ, મૂર્ચ્છા, પંચવટીના પરિચિત સ્થળો જોઇને રામ-સીતાની વ્યાકુળતા, સીતાની ક્ષમાવૃત્તિ, પુત્રીવત્સલ જનકની મનોવ્યથા, લવનું આગમન અને કૌશલ્યાદિમાં વાત્સલ્યની ઉત્પત્તિ, લવ અને ચંદ્રકેતુનું મૈત્રીયુક્ત યુદ્ધ, લવ-કુશ પ્રત્યે રામનો સ્નેહ અને ગર્ભનાટકની માનસિક અસરો તપાસવાનો ઉપક્રમ રચ્યો છે.

'अनर्घराघवम्'નાટકમાં રજૂ થયેલ ગુરુ વસિષ્ઠનો સંદેશ અને વિશ્વામિત્રના આગમનથી આનંદોત્પત્તિ, વિશ્વામિત્ર દ્વારા રામની માંગણી અને દશરથનો વિષાદ,

રાક્ષસવધ માટે રામની ઉત્કંઠા, તાડકા, સુબાહુ, મારીચ રાક્ષસોનો ઉત્પાત, રામની શિવધનુષ્ય અને અયોનિજા કન્યા અંગેની જિજ્ઞાસા, રાજા જનક માટે વિશ્વામિત્રનું આગમન હર્ષોત્પાદક, જનકના મનમાં રામ માટે સ્નેહ અને આદર, શૌષ્કલનું આગમન અને તેના પ્રત્યાઘાતો, શિવધનુષભંગથી આનંદમય વાતાવરણ, માલ્યવાન અને શૂર્પણખાની ભયજનિત ચિંતા, પરશુરામનુ આગમન, કૈકેયીની નકલી પત્રીનો પ્રભાવ, રામનો શોકમય મનોવિકાર, સુગ્રીવ સાથે મૈત્રી અને વાલિવધ, માલ્યવાનની વ્યગ્રતા, વિદ્યાધર હેમાંગદ અને રત્નચૂડ દ્વારા યુદ્ધનુ વર્ણન તથા સીતાની અગ્નિપરીક્ષા અને અયોધ્યા તરફ ગમન સમયે પ્રગટતી મનોવૈજ્ઞાનિક બાબતો રજૂ કરી છે.

રાજશેખરના 'बारामायणम्'નાટકનો મનોવૈજ્ઞાનિક દ્રષ્ટીએ સમીક્ષાત્મક અભ્યાસ કરતી વખતે સીતા સ્વયંવરમાં રાવણનુ આગમન અને પ્રતિજ્ઞા, ક્રોધિષ્ઠ પરશુરામ-રાવણનુ યુદ્ધ, ગર્ભનાટક, રામ-પરશુરામ યુદ્ધ, યંત્રજાનકી દ્વારા રાવણનો મનોવિનોદ, રામ-લક્ષ્મણ વડે તિરસ્કૃત થયેલી શૂર્પણખા, હીનભાવનાયુક્ત રાક્ષસોની કુટિલયોજન, શોકાતુર દશરથનુ મૃત્યુ, સેતુબંધ અને યુદ્ધનો પ્રારંભ, તુલાદ્યુત યુદ્ધ, દશરથ દ્વારા યુદ્ધના વર્ણનમાં પ્રગટ થતી પુત્રભાવના, લંકાવિલાપ અને રામાદિના વનગમન દરમિયાન પ્રગટ થતા મનોવલણો અને મનોગ્રંથિઓનો અભ્યાસ કર્યો છે.

'आश्चर्यचूडामणि:'નાટકમાં નિરુપાયેલ શૂર્પણખાની કામાસક્તિ, અનસૂયાનુ વરદાન, રાવણનુ ઉત્પીડન, રામ પ્રત્યે ઋષિઓની સદ્ભાવના, સીતાહરણની કુટિલ યોજના, સીતા-રાવણ અને સારથિના મનોભાવો, મંદોદરીનુ સ્વપ્ન, રાવણની કામવૃત્તિ, સીતાનો ઉપાલંભ, અંગૂઠી અને ચૂડામણિનુ અભિજ્ઞાન, રાવણવધ અને સીતાની અગ્નિપરીક્ષાનું માનોવૈજ્ઞાનિક અધ્યયન રજૂ કરવામાં આવ્યું છે.

'कुन्दमाला'નાટકનું માનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરતી વખતે આઘાતજનક સીતા પરિત્યાગ, શોકાતુર સીતાનો આત્મહત્યા અંગેનો વિચાર, કુંદમાલા અંગે રામની

જિજ્ઞાસાવૃત્તિ, રામને જોઇને સીતાના મનમાં ઉત્પન્ન થયેલા મનોભાવો, રામની શોકાતુરતા, રામની વાત્સલ્યવૃત્તિ, મિલનમૂર્ચ્છાનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

'प्रसन्नराघवम्'નાટકમાં આલેખાયેલ સીતાસ્વયંવર, રામ અને સીતાનું પરસ્પર આકર્ષણ, વિશ્વામિત્ર-જનકનું મિલન અને પ્રસન્નતા, પરશુરામના ક્રોધનું દમન, પ્રાકૃતિક પાત્રોનુ માનવીયકરણ, ઇંદ્રજાળ પ્રસંગમાં પ્રગટ થતાં તીવ્રસંવેગો, અભિજ્ઞાન તથા ચિત્રપટ દ્વારા થતાં રાવણના મનોવિનોદમાં ઉત્પન્ન થતાં મનોભાવોને મનોવૈજ્ઞાનિક સમીક્ષા કરતી વખતે તપાસવામાં આવ્યા છે.

'हनुमन्नाटकम्'માં કવિએ પ્રસ્તુત કરેલા પ્રસંગો અને પાત્રોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કર્યો છે. અહીં મેં સીતાસ્વયંવરમાં વ્યક્ત થતા મનોભાવો, રામ-સીતાની કામવૃત્તિ, શ્રવણના પિતાનો શાપ અને રામવનવાસ, ભાતૃભાવના, સીતાહરણ અને જટાયુનો પશ્ચાતાપ, શ્રીરામ દ્વારા વાલિવધ અને અપરાધભાવના, હનુમાનની લંકા જવાની ઉત્કંઠા, હનુમાનનુ દૂતકાર્ય અને રાવણનો ક્રોધ, અભિજ્ઞાન અને સીતાની મૂર્ચ્છા, અંગદની પ્રતિશોધવૃત્તિ અને દૂતકાર્ય, રાવણની સીતા પ્રત્યેની કામાસક્તિનુ હસ્તાંતરણ, રાવણનુ પ્રપંચ અને સીતા વિલાપ, રાવણની તીવ્ર બનેલી કામવૃત્તિ, સરમા રાક્ષસીનો સીતા પ્રત્યે સખ્યભાવ, કુંભકર્ણનો નીદ્રાતિરેક, મેઘનાદ દ્વારા માયાસીતાનો વધ અને રામની મૂર્ચ્છા, ક્રોધિત રાવણનો લક્ષ્મણ ઉપર શક્તિપ્રહાર તેમજ રાવણની હતાશાનુ મનોવૈજ્ઞાનિક અધ્યયન કર્યુ છે.

પ્રકરણ – ૫ : ઉપસંહાર

આ મહાશોધનિબંધના અંતિમ પ્રકરણમાં અધ્યેય નાટકોના સામાજિક અને માનોવૈજ્ઞાનિક તથ્યો તારવવામાં આવ્યા છે. તેમજ તારણો તથા નિષ્કર્ષો રજૂ કરવામાં આવ્યા છે.

આ મહાશોધનિબંધના દરેક પ્રકરણને અંતે પાદ્‌ટીપ મૂકેલ છે. તો મહાશોધનિબંધને અંતે સંદર્ભગ્રંથસૂચિ મૂકી છે.

<u>સંદર્ભગ્રંથ સૂચિ</u>

૧. જોષી, ડૉ. વિદ્યુત : સાહિત્ય અને સમાજ

પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, સંવર્ધીત બીજી આવૃત્તિ-૨૦૧૨

ISBN : 978-93-82124-49-8

૨. દવે, પ્રા. સુરેશ. જ. : महाकविभास प्रणीतम् : अभिषेकनाटकम्

સરસ્વતી પુસ્તક ભંડાર,

અમદાવાદ અદ્યતન આવૃત્તિ : ૧૯૯૮-૯૯

3. દવે, પ્રા. પી. સી., પ્રા. સુરેશ જે. : महाकविभासरचितम् : प्रतिमानाटकम्

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧૯૯૮

૪ . પરીખ, ડૉ. બી. એ. : મનોવિજ્ઞાનના સંપ્રદાયો અને સિદ્ધાંતો

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,

ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

ચતુર્થ આવૃત્તિ (સંશોધિત) : ૨૦૦૧

૫. ભટ્ટ, દ્વારકાદાસ : મહર્ષિ વાલ્મીકિ પ્રણીત

શ્રીમદ્ વાલ્મીકીય રામાયણ ખંડ-૧-૨

સંપાદક-જયેશ રાવલ,

ગીતાપ્રેસ, ગોરખપુર સં.-૨૦૬૯, પ્રથમ સંસ્કરણ

૬. काणे,डॉ. पाण्डुरंग वामन : धर्मशास्त्र का इतिहास (भाग-१,२,३,४,५)

मूल लेखक काणे उत्तर प्रदेश दिल्ही संस्थान, लखनऊ, चतुर्थ

संस्करण-१९९२

७. पाठक, डॉ. आर. पी. : भारतीय मनोविज्ञान–एक परिचय
राधा पब्लिकेशन्स, नई दिल्ली–११०००२
पहला संस्करण–२००९ ISBN : 81-7487-580-8

८. बुल्के, फादर कामिल : रामकथा उत्पत्ति और विकास
हिन्दी परिषद प्रकाशन इलाहाबाद विश्वविद्यालय,
इलाहाबाद–२११००१

९. वेदालकार, देवेन्द्रकुमार : फ्रायड मनोविश्लेषण,
राजपाल एण्ड सन्स, जनवरी ०१, २०११

१०. व्यास, शांतिकुमार नानूराम : रामायणकालीन समाज
शांतिकुमार नानूराम व्यास,
सस्ता साहित्य मण्डल प्रकाश, दूसरी बार–१९६४

११. शास्त्री, डॉ. मङ्गलदेव : संस्कृत साहित्य का इतिहास
मोतीलाल बनारसीदास, मद्रास, द्वितीय संस्करण–१९६७

१२ अभिमन्य, श्रीमन्नालाल : महाकविश्रीहनूमत्प्रणीत, हनुमन्नाटकम्
श्रीदामोदरमिश्रेण सङ्कलितम्
चौखम्बा विद्याभवन, वाराणसी, द्वितीय संस्करण–१९९२

१3. झा, श्री. पं. रमाकान्त : महाकविशक्तिभद्रविरचित्त: आश्चर्यचूडामणि:
चौखम्बा विद्याभवन, वाराणसी, पुनर्मुद्रित संस्करण–१९९२

१४. दाहाल:, आचार्यलोकमणि : महाकविदिङ्नागाचार्यप्रणीता कुन्दमाला
चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी, प्रथम संस्करण–१९९२

१५. त्रिपाठी, डॉ. रमाकान्त : महाकवि भवभूतिप्रणीत, उत्तररामचरितम्
चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी

१६. द्विवेदी, पद्मश्री डॉ. कपिलदेव : महाकवि-श्रीभवभूतिप्रणीतम्, उत्तररामचरितम्
आचार्य रामनारायणलाल विजयकुमार प्रकाशक तथा पुस्तक विक्रेता, इलाहाबाद, संस्करण-२००२

१७. मिश्रः, आचार्यः श्रीरामचन्द्र : महाकविश्रीभवभूतिप्रणीतं, महावीरचरितम्
चौखम्बा विद्याभवन, वाराणसी, पुनर्मुद्रित-२००५

१८. मिश्रः, आचार्य : श्रीरामचन्द्र : कविवरमुरारिविरचितम्, अनर्घराघवम्
चौखम्बा विद्याभवन, वाराणसी, पुनर्मुद्रित - २००५

१९. रायः, डॉ. गङ्गासागर : महाकविभासविरचितम् अभिषेकनाटकम्
चौखम्बा संस्कृत संस्थान, वाराणसी.

२०. राय, डॉ. गङ्गासागर : राजशेखरविरचितं, बालरामायणम्
पुरोवाक् : आचार्य बलदेव उपाध्याय,
चौखम्बा सुरभारती प्रकाशन, वारावणसी संस्करण-२०११

२१. रेग्मी, आचार्य श्रीशेषराजशर्मा : महाकविश्री जयदेव विरचितं, प्रसन्नराघवम्
चौखम्बा विद्याभवन, वाराणसी-१.संस्करण १९७२

२२. शास्त्री, पण्डित चिन्नास्वामी : श्रीमद् वाल्मीकि रामायणम्
पण्डित वी. अेच. सुब्रह्मण्या शास्त्री.
अेन. रामरत्नम् प्रकाशक, द्वितीय आवृत्ति - १९५८

२३. Alfred Adler, : Understanding Human Nature
Edition reissue, Pub - roulledge, 2013
ISBN : 978 0415816809

૨૪. Freud, Sigmund : The Psychopathology of everybody life
Pub - Greatespace Independent publishing platform (4th June, 2010)
ISBN : 978-1453609897

૨૫.McDougall, : Psychology - The Study of Behaviour
Pub - Thornton Butter Worth - 1914
London, Great Britain

૨૬. Sharma,
Dr. Sudarshankumar : Yajnaphalam of Bhasa
Parimal Publications,
Delhi,First Edition-2006
ISBN : 81-7110-2743

૨૭. Vyas, Ramkrishna T.: Valmiki Ramayana
Oriental Institute, Vadodara (India) 1992

સ્થળ: અધ્યેતા

તા : (દિલીપકુમાર ઝેરાભાઇ ચૌહાણ)

✡ આચાર્યશ્રી ✡
ડૉ. અશ્વિનકુમાર ડી. પંડ્યા
શ્રી રંગ નવચેતન મહિલા
આર્ટ્સ કૉલેજ, વાલીયા.

✡ માર્ગદર્શક/અધ્યક્ષ ✡
પ્રા.ડૉ.મયૂરીબેન એ.ભાટીયા
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
શ્રી રંગ નવચેતન મહિલા
આર્ટ્સ કૉલેજ, વાલીયા.